# ભૂટાનના વડા પ્રધાન સાથે વડા પ્રધાનની દ્વિપક્ષીય બેઠક અને MoUની આપ-લે

22 માર્ચ, 2024

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજે થિમ્ફુમાં ભૂટાનના વડા પ્રધાન શ્રી શેરિંગ તોબગેને તેમના સન્માનમાં આયોજિત કાર્યકારી લંચ પર મળ્યા હતા. પારોથી થિમ્પુ સુધીના પ્રવાસ દરમિયાન લોકોએ તેમનું અભિવાદન કરતાં વડા પ્રધાને અસાધારણ જાહેર સ્વાગત બદલ વડા પ્રધાન તોબગેનો આભાર માન્યો હતો.

2. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોના વિવિધ બહુપક્ષીય પાસાઓ પર ચર્ચા કરી અને રિન્યુએબલ ઉર્જા, કૃષિ, યુવાઓની અરસપરસ આવનજાવન, પર્યાવરણ અને વનસંવર્ધન અને પ્રવાસન જેવા ક્ષેત્રોમાં સહકારને વધુ વધારવા માટે સમજૂતી કરી. ભારત અને ભૂટાન તમામ સ્તરે અત્યંત વિશ્વાસ, સદ્ભાવના અને પરસ્પર સમજણ ધરાવતા અને અસાધારણ સંબંધોનો લાંબા સમયથી આનંદ માણે છે.

3. બેઠક પહેલા, વડા પ્રધાન મોદી અને ભૂટાનના વડા પ્રધાને ઊર્જા, વેપાર, ડિજિટલ કનેક્ટિવિટી, અવકાશ, કૃષિ, યુવાનો વચ્ચેના જોડાણ પરના ઘણા MoU/કરારના વિનિમય કર્યા.

https://bit.ly/3xa8U7y

**થિમ્ફુ**
**22 માર્ચ, 2024**